નં.અજાક/ ૧/૨/૨૦૧૭-૧૮/ ૪૫૫૫-૯૬

નિયામક અનુસૂચિતજાતિકલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા. ૨૬ /૦૭/૨૦૧૬

પરિપત્ર:-

આથી તમામ જિલ્લા નાયબ નિયામકશ્રીઓને જણાવવામાં આવે છે કે, સરકારશ્રીના સમાજી ન્યાય અને અધિકારીકતા વિભાગના તા.૨૮/૦૩/૨૦૦૨ના ઠરાવ ક્રમાંક. પીએમસીએમ/ ૧૦૨૦૦૦/ન.બા-૧૨/ગ તથા તા.૨૪/૦૨/૨૦૦૬ના ઠરાવ પીએમસીએમ/ ૧૦૨૦૦૦ન.બા-૧૦/ગ થી ધો-૧૦ ની પરીક્ષામાં ૭૫ % કે તેથી વધુ ગુણ (૪૫૦ કે તેથી વધુ ગુણ ) મેળવનાર અને ધોરણ-૧૧ માં વિજ્ઞાન પ્રવાહ સિવાય (સામાન્ય પ્રવાહ) ના અભ્યાસક્રમાં પ્રવેશ મેળવનાર અનુસુચિત જાતિ જાતિના (S.C) વિધાર્થીઓને ધો- ૧૧ તથા ૧૨ માં શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય (ખાનગી ટયુશન સહાય) હેઠળ લાભ આપવાની યોજના અમલમાં છે. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૯/૦૩/૨૦૧૬૫ ના ઠરાવ ક્રમાંક : પીએમસ/૧૦૨૦૧૪/૬૪૭૪૦૮/ગ થી આ યોજનાનું નામાભિધાન " શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય યોજના" કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ વાર્ષિક રૂ. ૬૦.૦૦૦/- ની કૌટુંબિક આવક ધરાવતા પ્રથમ-૧૦૦ અનુસૂચિત જાતિના વિધાર્થીઓને સહાય આપવા ઠરાવેલ છે સદરહું ઠરાવની નકલ આ વડી કચેરીના તા. ૨૬/૦૭/૨૦૧૬ના પરિપત્ર નં. અજાક/૧/૨/૨૦૧૬-૧૭/૧૦૬૬૧-૯૨ થી આપની કચેરીને મોકલી આપવામાં આવેલ છે

ઉકત બાબતે માર્ચ -૨૦૧૭માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૭૫% કે તેથી વધુ માર્કસ (૪૫૦ કે તેથી વધુ ગુણ ) મેળવી પાસ થયેલ અને ધોરણ-૧૧ માં વિજ્ઞાન પ્રવાહ સિવાય અભ્યાસ કરતા અનુસુચિત જાતિના ઉકત ઠરાવની શરતો મુજબ પાત્રતા ધરાવતા વિધાર્થીઓની અરજી મોડામાં મોડી તા. ૧૫/૦૯/૨૦૧૭ સુધી સ્વીકારી અંત્રેની વડી કચેરીને મોડામાં મોડી તા. ૨૨/૦૯/૨૦૧૭ સુધી મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

આપની કક્ષાએ થી જિલ્લાના શિક્ષણાધિકારીશ્રીને પણ લખવુ. જેની એક નકલ અંત્રે પણ મોકલી આપવી યોજનાનો બહોળો પ્રચાર -પ્રસાર થાય અને વધુમાં વધુ લાયક વિદ્યાર્થીઓ લાભ લે તે જોવા જણાવવામાં આવે છે. સદરહું યોજનાનું અરજી ફોર્મ આ સાથે સામેલ રાખેલ છે જે વિજ્ઞાન પ્રવાહ સિવાયની ઉચ્ચત્તર માધ્યમિક શળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફત મોકલી આપવા અને યોજનાની શરતોની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓના ફોર્મ મેળવી અંત્રે વડી કચેરીને ઉકત જણાવેલ સમય-મર્યાદામાં મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સાથે અરજી ફોર્મની નકલ સામેલ રાખીને મોકલી આપવામાં આવે છે

બિડાણ:- અરજી ફોર્મ

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજય,ગાંધીનગર

નકલ રવાના:-

નાયબ નિયામકશ્રી , અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી , (તમામ)
....................... જિ. ...............................
શાખા અધિકારીશ્રી, આંકડા શાખા (ન), વડી કચેરી, ગાંધીનગર- વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂ.

E:\2017-18\ટયુશન સહાયની જાહેરાત\ટયુશન સહાય પરિપત્ર.docx

અધુરાશવાળી દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહી.

ધોરણ-૧૧માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહ સિવાય (સામાન્ય પ્રવાહ) ની શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય મેળવવા નું અરજી પત્રક

વર્ષ:-૨૦૧૭-૧૮

| | | | |
|---|---|---|---|
| 1 | વિદ્યાર્થીનું પુરૂ નામ<br>(અટક પહેલા લખવી) | :- | |
| 2 | પિતા/વાલીનું નામ | :- | |
| 3 | હાલનું સરનામું | :- | |
| 4 | ટેલીફોન/મોબાઇલ નંબર | :- | |
| 5 | વિદ્યાર્થીના બેંક ખાતાની વિગત (ફોર્મ સામેલ છે) | :- | |
| 6 | કાયમી સરનામું | :- | |
| 7 | જાતિ/પેટા જાતિ | :- | |
| 8 | એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કર્યાનું વર્ષ:<br>(પ્રથમ પ્રયત્નએ પાસ અને ૭૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેમને જ અરજી કરવી) | :- | |
| 9 | એસ.એસ.સીની પરીક્ષા જે શાળામાંથી પાસ કરી હોય તે શાળાનું નામ અને સરનામું | | |
| 10 | ધોરણ-૧૧માં કયા પ્રવાહમાં પ્રવેશ મેળવ્યો છે.<br>(લાગુ પડતા પ્રવાહ સામે ખરાની નીશાની કરવી) | :- | સામાન્ય પ્રવાહ ☐<br>વ્યવસાયલક્ષી પ્રવાહ ☐<br>ઉત્તર બુનીયાદી પ્રવાહ ☐ |
| 11 | પ્રવેશ મેળવેલ શાળાનું પુરૂ નામ અને સરનામું | | |
| 12 | પિતા/વાલીનો વ્યવસાય | :- | |
| 13 | વર્ષ:- ૨૦૧૬-૧૭ માટેની આવક માન્ય ગણાય તે અંગેનું સક્ષમ અધિકારીશ્રીએ આપેલ રૂ!. ૬૦,૦૦૦/- (અંકે સાંઇઠ હજાર પુરા) સુધીની વાર્ષિક કૌટુંબિક આવક્નું પ્રમાણપત્ર સામેલ રાખેલ છે ? હા/ના | :- | |
| 14 | ખાનગી ટયુશનવર્ગમાં જોડાયા હોય તો ટયુશનવર્ગનું નામ/સરનામુ | :- | |
| 15 | ટયુશન માટે ભરવાની થતી ફીની રકમ (વાર્ષિક) | :- | |
| 16 | અરજીપત્રક સાથે રજુ કરવાના પ્રમાણપત્રો | | |

-: એકરારનામું :-

આથી અમે એકરાર કરીએ છીએ કે, અમે અરજીમાં આપેલ વિગતો સાચી છે. અને સત્તાધિકારીને તેમાંની કોઇ પણ વિગત ખોટી જણાય તો તેમનો આખરી નિર્ણય અમોને બંધનકર્તા રહેશે. અમોએ રજુ કરેલ વિગતોનાં આધારે ખાનગી ટયુશન માટે નાણાંકીય સહાય મંજુર થશે અને પાછળથી આ અરજીમાં રજુ કરેલ વિગતો ખોટી જણાય તો મંજુર કરેલ રકમ અમો સરકારશ્રીમાં પરત જમા કરાવવા બાંહેધરી આપીએ છીએ અને તેમ કરવામાં નિષ્ફળ જઇએ તો ઉકત સત્તાધિકારી રેવન્યુ રાહે અમોએ નિયમ વિરૂધ્ધ મેળવેલ તમામ રકમ વસુલ લઇ શકશે.

તારીખ :-

સ્થળ :-

(૧) વિદ્યાર્થીની સહી..............................

(૨) પિતા/વાલીની સહી.......................

:- શાળાએ આપવાનું પ્રમાણપત્ર ::-

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી............................................................ રહે....................................................... તા...................... જિ............................ અત્રેની શાળામાં ધોરણ.............. માં.................... પ્રવાહમાં................. વર્ષમાં પ્રવેશ મેળવેલ છે. જનરલ રજીસ્ટરનં......................................છે. જેની ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખ :-

સ્થળ :-

આચાર્યશ્રી ના સહી/સિકકો

---

ટયુશનવર્ગના વડાએ આપવાનું પ્રમાણપત્ર

.........................................................................................શાળામાં અભ્યાસ કરતાં શ્રી.............................................................................અમારા ટયુશનવર્ગમાં જોડાયેલ છે. તેમજ અમારા ટયુશનવર્ગમાં સરકાર માન્ય, બિનસરકારી કે સરકારી હાઇસ્કુલમાં ફરજ બજાવતા શિક્ષકો/ બિન શૈક્ષણિક કર્મચારી ધ્વારા ટયુશન આપવામાં આવતું નથી.

તારીખ :-

સ્થળ :-

ટયુશનવર્ગના વડાના સહી/સિકકા

# <u>વિદ્યાર્થીના બેંક ખાતાની વિગત આપવી.</u>

(શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય યોજના બાબત :- વર્ષ -............ ) ધોરણ-............ )

૧. વિદ્યાર્થીનું નામ :
(અંગ્રેજીમાં બેંક પાસબુક મુજબ-
- નામ લખવું. )

૨. બેંકનું નામ :

૩. બ્રાંચનું નામ અને સરનામું :
(બ્રાંચ કોડ સહિત)

૪. બેંક એકાઉન્ટ નંબર :

૫. ચેકની ફોટોકોપી અથવા બેંક પાસ
બુકના પ્રથમ પાનાની નકલ જેમાં
(IFSC કોડ અને ખાતેદારના નામ
નો ઉલ્લેખ કરવામાં આવેલ હોય) :

૬. બેંક ટેલીફોન નંબર :

૭. બેંકનો IFS કોડ નંબર :

૮. બેંક એકાઉન્ટનો પ્રકાર :
(સેવિંગ/કરન્ટ)

૯. આધારકાર્ડ નંબર/એનરોલમેન્ટ નં. :
(આધારકાર્ડની ઝેરોક્ષ કોપી બિડાણ કરવી)

૧૦. વિદ્યાર્થી/વાલીનો મોબાઇલ/ટેલીફોન :
નંબર

વિદ્યાર્થીની સહી

<u>વિજ્ઞાન પ્રવાહ સિવાય  શિક્ષણ ગુણવતા પ્રોત્સાહક સહાય મેળવવા અરજી ફોર્મ સાથે રજૂ કરવાનાં પુરાવા</u>

(૧) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

(૨) સક્ષમ અધિકારીશ્રીએ આપેલ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર

(3) ............ માં લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયાની માર્કશીટની પ્રમાણિત નકલ જોડવી.(મેળવેલ ગુણના ટકા જ ધ્યાને લેવામાં આવશે પર્સન્ટાઇલ રેન્ક ધ્યાને લેવામાં આવશે નહી.)

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ ધો-૧૦ની પરીક્ષામાં ૭૫% કે તેથી વધુ ટકાવારી મેળવેલ (૪૫૦ કે તેથી વધુ ગુણ) વિદ્યાર્થીએ જ અરજી કરવી તેથી ઓછી ટકાવારી મેળવનાર વિદ્યાર્થીએ અરજી કરવી નહી. આવી અરજી ધ્યાને લેવામાં આવશે નહી

(૫) ખાનગી ટયુશનવર્ગમાં કે ખાનગી શિક્ષક પાસે ટયુશન લીધા અંગેની પાવતી અને પ્રમાણપત્ર

(૬) રૂા.૫૦૦૦/- થી વધુ રકમની ટયુશન ફી ભર્યાની અસલ પાકી પાવતી પર રેવન્યુ સ્ટેમ્પ લગાડેલ હોવી ફરજીયાત છે અન્યથા પાવતી માન્ય ગણવામાં આવશે નહી.

નોંધ :- કૌટુંબિક વાર્ષિક આવક મર્યાદા વિજ્ઞાન પ્રવાહ સિવાયમાં (સામાન્ય પ્રવાહમાં) રૂા. ૬૦,૦૦૦/- છે.

sje1
egugs@jr3